### અમૂલ 11 ટકાના ગ્રોથ સાથે ભારતની સૌથી મોટી એફએમસીજી સંસ્થા બની

# અમૂલનો ડંકો: એક લાખ કરોડનું ટર્નઓવર પાર કરી ઈતિહાસ રચ્યો

**વિશ્વમાં પણ** નંબર-૧ સહકારી સંસ્થા તરીકેનો તાજ મેળવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.10

વિશ્વની સૌથી મોટી ખેડૂતોની માલિકીની સહકારી સંસ્થા, ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડએ નાણાકીય વર્ષ 2025-26માં એક મોટી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. અમૂલ બ્રાન્ડનું કુલ ટર્નઓવર એક લાખ કરોડ રૂપિયાને પાર કરી ગયું છે, જે ગયા વર્ષના 90 હજાર કરોડની સરખામણીએ 11 ટકાની મજબૂત



વૃદ્ધિ દર્શાવે છે. આ સાથે જ અમૂલે ભારતની સૌથી મોટી FMCG (ફાસ્ટ મુવિંગ કન્ઝ્યુમર ગુડ્સ) સંસ્થા તરીકેનું પોતાનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું છે.

ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ દ્વારા અમૂલને વિશ્વની નંબર 1 સહકારી સંસ્થા તરીકેની માન્યતા આપવામાં આવી છે. અમૂલે આ વર્ષે માત્ર સ્થાનિક જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે પણ હરણફાળ ભરી છે. ખાસ કરીને યુરોપ અને અમેરિકાના બજારોમાં ફ્રેશ મિલ્ક લોન્ચ કરીને અમૂલે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની મજબૂત હાજરી નોંધાવી છે. આ પ્રગતિ વડાપ્રધાનના તે વિઝનને સાકાર કરે છે જેમાં ભારતીય બ્રાન્ડને વિશ્વના દરેક ઘરના ડાઈનિંગ ટેબલ સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે.

જીસીએમએમએફે આ વર્ષે 73,450 કરોડ રૂપિયાનું વેચાણ નોંધાવ્યું છે, જે પાછલા વર્ષ કરતા 11.4 ટકાનો વધારો છે. અમૂલ પાસે હાલ 1200થી વધુ પ્રોડક્ટ પેકનો વિશાળ પોર્ટફોલિયો છે. આ અંગે ફેડરેશનના ચેરમેન અશોકભાઈ ચૌધરીએ સફળતાનો શ્રેય 36 લાખ પશુપાલકોની મહેનત અને ગ્રાહકોના અતૂટ વિશ્વાસને આપ્યો છે.

**આર્થિક પાસું અને ખેડૂતોનો વિશ્વાસ**

જીસીએમએમએફના મેનેજિંગ ડિરેક્ટર ડો. જયેન મહેતાએ જણાવ્યું હતું કે, ટેકનોલોજી અને વૈશ્વિક વેપારના લાભો સીધા પશુપાલકો સુધી પહોંચે તે માટે સંસ્થા સતત પ્રયત્નશીલ છે, કારણ કે ખેડૂતો જ અમૂલ બ્રાન્ડના સાચા માલિકો છે.

### નડીયાદ પોલીસ દ્વારા ચૂંટણીને પગલે સઘન ફૂટ પેટ્રોલિંગ કરાયું



નડિયાદમાં સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખી સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે નડીયાદ ટાઉન પોલીસ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર બી.ડી. શાહ અને ડી સ્ટાફના પીએસઆઈના નેતૃત્વમાં પોલીસ કાફલાએ શહેરના માર્ગો પર કવાયત હાથ ધરી હતી. આ પેટ્રોલિંગમાં પોલીસ અને ટ્રાફિક પોલીસના જવાનો મોટી સંખ્યામાં જોડાઈને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. ચૂંટણી દરમિયાન શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે હેતુથી પોલીસ તંત્ર દ્વારા શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં આ સઘન ચેકિંગ હાથ ધરાયું છે. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

# ઉમરેઠના મતદારોને 2 આંગળી પર શાહીના નિશાન કરાશે

**વિધાનસભામાં ડાબા** હાથની પહેલી અને સ્થાનિક સ્વરાજ્યમાં બીજી આંગળીએ શાહીનું ટપકું કરાશે

(પ્રતિનિધિ) આણંદ તા.10

આણંદ જિલ્લાના ઉમરેઠ મતદાર વિભાગમાં આગામી 26મી એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે તંત્ર સજ્જ થયું છે. મતદાન પ્રક્રિયા દરમિયાન પારદર્શિતા જળવાઈ રહે તે માટે રાજ્ય ચૂંટણી આયોગના નિયમોનુસાર મતદારોના હાથ પર અવિલોપ્ય શાહી લગાવવા અંગેની મહત્વની સૂચનાઓ જારી કરવામાં આવી છે.

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય પૂર્વે 23મી એપ્રિલના રોજ ઉમરેઠ વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી યોજાનારી છે. આ પેટા ચૂંટણી દરમ્યાન મતદાન મથકે મતદારોને ડાબા હાથની તર્જની (forefinger) પર અવિલોપ્ય શાહીની નિશાની કરવામાં આવશે. જે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીનાં દિવસ સુધી ભૂંસાયેલી ન હોવાની શક્યતાને ધ્યાને લઈ ઉમરેઠ વિધાનસભા મતદાર વિભાગ વિસ્તારના સ્થાનિક ચૂંટણી હેઠળના મતદાન મથકોએ 26મી એપ્રિલના રોજ મતદાન કરવા જનાર મતદારોની આંગળીએ અવિલોપ્ય શાહિની નિશાની કરવા બાબતે રાજય ચૂંટણી આયોગ દ્વારા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

આ માર્ગદર્શિકા મુજબ એપ્રિલ-2026માં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ માટે ઉમરેઠ વિધાનસભા મતદાર વિભાગ વિસ્તારના સ્થાનિક ચૂંટણી હેઠળના મતદાન મથકોએ 26મીના રોજ ચૂંટણીમાં મતદારો મતદાન સમયે મતદાન મથકે મતદાન કરવા આવે ત્યારે તેમના ડાબા હાથની વચલી આંગળી (middle finger) પર અવિલોપ્ય શાહીની નિશાની કરવાની રહેશે. જો તે ડાબા હાથની વચલી આંગળી (middle finger) ન હોય તો ડાબા હાથની તર્જની (forefinger) છોડીને અવિલોપ્ય શાહીની નિશાની કરવાની રહેશે.

### કપડવંજ પાસે સ્ટેટ મોનિટરિંગ સેલનો મોટો દરોડો

# કપડવંજ પાસે 80 લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) કપડવંજ તા.10

કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા પાખિયા રોડ ઉપર સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા બાતમીના આધારે દરોડો પાડીને વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. રસ્તા પર પાર્ક કરેલી એક શંકાસ્પદ આઈસર ગાડીમાંથી લાખોની કિંમતની દારૂની બોટલો મળી આવતા ચકચાર મચી ગઈ છે. પોલીસે દારૂ, વાહન અને અન્ય સામાન મળી કુલ રૂપિયા રૂ.80.70 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કપડવંજ-પાખિયા રોડ પર એક હરિયાણા પાસિંગની આઈસર ગાડી ઉભી હોવાની બાતમી સ્ટેટ મોનિટરિંગ સેલને મળી હતી. આ બાતમીના આધારે સત્તાવાળાઓએ તપાસ હાથ ધરતા ગાડીમાંથી 11,399 નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. દારૂના આ જથ્થા ઉપરાંત પોલીસે ગાડીમાંથી રોકડ રકમ, મોબાઈલ ફોન તેમજ પાણીની બોટલો સહિતનો તમામ સામાન જપ્ત કર્યો છે. આ સમગ્ર મામલે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દારૂ અને વાહન સહિતનો કુલ 80.70 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. આ ઘટના સ્થળે જરૂરી પ્રાથમિક કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ, એસએમસી દ્વારા આ કેસમાં કાયદેસરની કાર્યવાહી કરવા માટે તમામ મુદ્દામાલ અને વિગતો કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી છે.

# અમદાવાદના પૂર્વ કોર્પોરેટરના જમીન કૌભાંડમાં રિમાન્ડ વધ્યાં

**પુનાદરાની** જમીન કેસમાં બોગસ ખેડૂત ઊભા કરવાના કૌભાંડમાં પોલીસ કસ્ટડી



(પ્રતિનિધિ) નડિયાદ તા.10

અમદાવાદના બહેરામપુરા વોર્ડના કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર તિરમિઝી તસ્નીમ આલમ બાવા સાહેબની જમીન કૌભાંડના ગંભીર આરોપ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. કપડવંજ કોર્ટે આ મામલે વધુ તપાસ માટે આરોપીના રિમાન્ડ શનિવાર સાંજ સુધી મંજૂર કર્યા છે.

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના પુનાદરા ગામમાં જમીન ખરીદીની પ્રક્રિયા દરમિયાન આ કૌભાંડ આચરવામાં આવ્યું હતું. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે જમીન હડપવા માટે બોગસ ખેડૂતો ઊભા કરવામાં આવ્યા હતા અને ખોટા દસ્તાવેજોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ગંભીર ગેરરીતિમાં પૂર્વ કોર્પોરેટરની સીધી સંડોવણી જણાતા પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કોર્ટ કાર્યવાહી અને તપાસ

આરોપીના અગાઉના રિમાન્ડની મુદત શુક્રવારે પૂર્ણ થતા તેમને કપડવંજ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસે કોર્ટમાં દલીલ કરી હતી કે આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા અને તેમાં સંડોવાયેલા અન્ય શખ્સોની વિગતો મેળવવા માટે વધુ પૂછતાછ અનિવાર્ય છે.

કોર્ટે પોલીસની દલીલો ગ્રાહ્ય રાખીને શનિવારે સાંજે 4 વાગ્યા સુધીના વધુ રિમાન્ડ મંજૂર કર્યા છે.હવે પોલીસ આ વધારાના સમયગાળા દરમિયાન બોગસ ખેડૂત બનાવવાની પ્રક્રિયા અને આ સમગ્ર કૌભાંડમાં અન્ય કયા 'મોટા માથાઓ' સામેલ છે, તે દિશામાં તપાસનો ધમધમાટ તેજ કરશે. જેમાં અન્ય માથાના પણ નામ ખુલશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### મોગર પે સેન્ટર શાળામાં ધો.8ના વિદ્યાર્થીઓનો વિદાય અને શુભેચ્છા સમારોહ યોજાયો



**આણંદ** | મોગર પે સેન્ટર પ્રાથમિક કુમાર શાળા (પીએમશ્રી) ખાતે વર્ષ 2025-26ના ધોરણ-8ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ મહાનુભાવો અને વાલીઓની ઉપસ્થિતિમાં આનંદમય વાતાવરણમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે શાળા પંચાયતના મંત્રીઓને સમિતિ વાઈઝ ફાઈલ અર્પણ કરવામાં આવી અને વિદ્યાર્થીઓએ શાળાને સ્મૃતિરૂપે માતા સરસ્વતીનો ફોટો અને સ્ટેન્ડ ભેટ આપી પોતાની લાગણી વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓ, BRC સાહેબ અને આચાર્યશ્રીએ વિદાય લેતા તમામ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વચન પાઠવ્યા હતા.

### જીવનશિલ્પ બાલમંદિરમાં ગ્રેજ્યુએશન ડે અને વિદાય સમારંભની ભવ્ય ઉજવણી



**કપડવંજ** | કપડવંજની જીવનશિલ્પ બાલમંદિરમાં સિનિયર કે.જી.ના ભૂલકાંઓ માટે ગ્રેજ્યુએશન ડે અને વિદાય સમારંભનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વક્તવ્ય આપ્યા હતા અને શિક્ષિકા બહેનોએ સ્વાગત ગીત રજૂ કરી પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. શાળાના ડાયરેક્ટર સિદ્ધાર્થ પટેલે મુખ્ય મહેમાન તરીકે હાજર રહી બાળકોને જીવનમાં ચોક્કસ લક્ષ્ય નિર્ધારિત કરવા પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમના અંતે ડાયરેક્ટર અને સ્ટાફ દ્વારા ભાવિ અભ્યાસ માટે તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દીની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજ શહેર ભાજપ દ્વારા મૌન ધરણા, કોંગ્રેસ અધ્યક્ષની ટિપ્પણીનો વિરોધ



**કપડવંજ** | કપડવંજ શહેર ભાજપ દ્વારા આઝાદ ચોક સ્થિત ગાંધીજીની પ્રતિમા પાસે મૌન ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓ વિશે કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણીના વિરોધમાં આ પ્રદર્શન યોજાયું હતું. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ નયનભાઈ પટેલ સહિત વિશાળ સંખ્યામાં કાર્યકરો મૌન પાળીને જોડાયાં હતાં. મૌન ધરણા દ્વારા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ શિસ્તબદ્ધ રીતે પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

### કપડવંજમાં13વર્ષસેવાઆપનારફિઝિયોથેરાપીસ્ટ પાર્થ પટેલનો શુભેચ્છા વિદાય સમારંભ યોજાયો

**કપડવંજ** | વીએસ ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના સી.પી. સેન્ટરમાં કાર્યરત



પાર્થ કુમાર પટેલની એસ.બી.આઈ. બેન્કમાં પસંદગી થતા સંસ્થા દ્વારા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થા પરિવાર, દિવ્યાંગ બાળકો અને વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેમના આગામી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. છેલ્લા 13 વર્ષથી સેવા આપતા પાર્થ કુમારે સરકારી નોકરી મળતા રાજીનામું આપ્યું હતું, જેને ધ્યાને લઈ સંસ્થાએ તેમનો સન્માનપૂર્વક વિદાય કાર્યક્રમ યોજ્યો હતો. આ વિદાય પ્રસંગે ફિઝિયોથેરાપીસ્ટ પાર્થ કુમાર તરફથી કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ બાળકો અને મહેમાનો માટે ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

### મહીસાગરમાં ચૂંટણી અન્વયે ઝાલદડા પ્રાથમિક શાળામાં 'મતદાન જાગૃતિ રેલી' યોજાઈ




**લુણાવાડા** | મહીસાગર જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી-2026માં શત-પ્રતિશત મતદાન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ પ્રવૃત્તિઓ અંતર્ગત જાગૃતિ અભિયાન તેજ કરાયું છે. જે અન્વયે પી.એમ. ઝાલદડા પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓના ઉત્સાહભર્યા સહયોગ સાથે વિશાળ 'મતદાન જાગૃતિ રેલી' નું આયોજન કરી ગ્રામજનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ રેલી દ્વારા સ્થાનિક નાગરિકોને કોઈપણ ડર, દબાણ કે પ્રલોભન વગર નૈતિકતાથી અને નિર્ભયપણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટેનો સકારાત્મક સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

### લુણાવાડા એસ.પી. કચેરી ખાતે 'કેન્દ્રીય પોલીસ કલ્યાણ ભંડાર'નું ઉદ્દઘાટન કરાયુ



**લુણાવાડા** | લુણાવાડા ખાતે પંચમહાલ-ગોધરા રેંજના IG વિધિ ચૌધરીના હસ્તે મહીસાગર પોલીસ પરિવાર માટે 'કેન્દ્રીય પોલીસ કલ્યાણ ભંડાર' (CPC કેન્ટીન) ખુલ્લી મૂકવામાં આવી. આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસન અને અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં કેન્ટીનનું કાર્યરત કરાઈ હતી. પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારોને રોજિંદી જરૂરિયાતની ગુણવત્તાયુક્ત ચીજવસ્તુઓ વ્યાજબી અને રાહત દરે મળી રહે તે આ સુવિધાનો મુખ્ય હેતુ છે. આ કેન્ટીન શરૂ થવાથી મહીસાગર જિલ્લાના સેંકડો પોલીસ પરિવારોને હવે બજાર ભાવ કરતા નીચા દરે બ્રાન્ડેડ વસ્તુઓનો સીધો આર્થિક લાભ મળશે.

### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે સુવર્ણપ્રાશન કેમ્પમાં 104 બાળકોએ લાભ લીધો



**આણંદ** | કૃષિ યુનિવર્સિટી અને એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે 15 વર્ષ સુધીના બાળકો માટે નિ:શુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિ ડો. એન.આઇ. શાહના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી હેલ્થ સેન્ટર ખાતે યોજાયેલા આ કેમ્પનો યુનિવર્સિટી પરિવારના 104 બાળકોએ લાભ લીધો હતો. નિયામક ડો. ડી.એચ. પટેલ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં હોસ્પિટલના નિષ્ણાત સ્ટાફ દ્વારા બાળકોના સ્વાસ્થ્ય વર્ધન માટે સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ કેમ્પમાં યુનિવર્સિટીના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો અને ફાર્મ મજૂરોના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### ચારુસેટ યુનિવર્સિટી ખાતે એન્જિનિયરિંગ ફેકલ્ટીનો વાર્ષિક સન્માન સમારંભ યોજાયો




**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીમાં CSPIT અને DEPSTAR કોલેજોના વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવવા માટે વાર્ષિક સન્માન દિવસ 2026ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ સમારોહમાં શિક્ષણ, ઇનોવેશન અને પ્લેસમેન્ટ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ અને પીએચડી ધરાવતા નિષ્ણાત ફેકલ્ટી સભ્યોને મહાનુભાવોના હસ્તે એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. સંશોધન ક્ષેત્રે 1.40 કરોડની આવક મેળવવા સાથે વિદ્યાર્થીઓએ ઇસરો (ISRO) ના પ્રોજેક્ટ્સ અને નેશનલ હેકાથોન્સમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી યુનિવર્સિટીનું નામ રોશન કર્યું છે.

### બાલાસિનોરમાંઅંગ્રેજીવિષયનામૂલ્યાંકનકેન્દ્રમાં નિવૃત્ત શિક્ષકોનો સન્માન સમારોહ યોજાયો



**બાલાસિનોર** | બાલાસિનોર મોડેલ સ્કૂલ ખાતે અંગ્રેજી વિષયના મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રમાં વર્ષો સુધી સેવા આપનાર ચાર નિવૃત્ત શિક્ષકોના શૈક્ષણિક યોગદાનને બિરદાવવા માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આચાર્ય ગીતાબા સોલંકીના હસ્તે ભુલાભાઈ પટેલ, શંકરલાલ પ્રજાપતિ, રમેશભાઈ પટેલ અને બાબુભાઈ પટેલનું પુષ્પગુચ્છ, શ્રીફળ તથા શાલ ઓઢાડી ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. 30 વર્ષથી વધુ સમયની તેમની નિષ્ઠાપૂર્વકની સેવાઓને ઉપસ્થિત શિક્ષકવર્ગે બિરદાવી હતી, જ્યારે નિવૃત્ત શિક્ષકોએ પોતાના કાર્યકાળના અનુભવો રજૂ કરતા ભાવુકતા વ્યક્ત કરી હતી.

### વલ્લભવિદ્યાનગરનીGCETકોલેજમાંવિદ્યાર્થીઓ માટે આગ-સલામતી જાગૃતિ કાર્યક્રમ યોજાયો



આણંદ | ચારુતર વિદ્યા મંડળ સંચાલિત જી.એચ. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી ખાતે પ્રથમ વર્ષના બી.ટેક વિદ્યાર્થીઓ માટે ફાયર સેફ્ટી અને અગ્નિશામક સાધનોના ઉપયોગ અંગે વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. કરમસદ-આણંદ મનપાના અગ્નિશામક દળના વડા ધર્મેશભાઈ ગોર દ્વારા આગની કટોકટીમાં ઝડપી અને અસરકારક પ્રતિસાદ આપવા માટે લાઈવ ડેમોન્સ્ટ્રેશન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ જાતે અગ્નિશામક યંત્રોનો ઉપયોગ કરી પ્રાયોગિક અનુભવ મેળવ્યો હતો.

### લુણાવાડાના કાલિકા માતા ડુંગર પર 'મિશન લાઇફ' હેઠળ પ્લાસ્ટિક મુક્તિ અભિયાન યોજાયું



**લુણાવાડા** | મહીસાગર વન વિભાગની લુણાવાડા રેંજ દ્વારા આંતરરાષ્ટ્રીય વન દિવસ નિમિત્તે પર્યાવરણ જાગૃતિનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. પ્રધાનમંત્રીના 'મિશન LiFE' અંતર્ગત કાલિકા માતાજી મંદિર અને ડુંગર પરિસરમાં પ્લાસ્ટિક એકત્રીકરણની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. વન વિભાગના કર્મચારીઓએ શ્રદ્ધાળુઓમાં જાગૃતિ લાવવા ડુંગર પરથી કચરો વીણીને પ્રકૃતિના સંવર્ધનનો સંદેશ આપ્યો હતો. મંદિરના પૂજારીએ પણ ભક્તોને આસ્થા સાથે પ્રકૃતિની શુદ્ધિ જાળવવા અને પ્લાસ્ટિકનો ત્યાગ કરવા નમ્ર અપીલ કરી હતી.